કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

# સાવરકુંડલા પોલીસની માનવતાની મિસાલ







## ઘાયલ શ્વાનનો જીવ બચાવી દિલ જીત્યું

*“પોલીસ ફક્ત પ્રજાનો મિત્ર જ નહીં, જીવમાત્ર પ્રત્યે પણ હમદર્દ છે” – આ વાક્યને આજે સાવરકુંડલા પોલીસ સ્ટેશનના કેટલાક જવાનોએ સાક્ષાત્ સાબિત કરી બતાવ્યું.થોડા દિવસ પહેલાં સાંજના સમયે સાવરકુંડલા રેલવે સ્ટેશન નજીક પોલીસ ચોકીની સામેના રેલવે ટ્રેક પર એક શ્વાન ટ્રેન નીચે આવી જતાં તેનો એક પગ કપાઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં ટ્રેક પર તડપતું આ નિરાધાર પ્રાણી જોઈને પોલીસ જવાનો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.જીવ બચાવવાની ધગશથી ભરેલા આ જવાનોએ કપડાં ગંદાં થાય કે હાથ-પગ લોહીથી રંગાઈ જાય તેની પરવા કર્યા વિના શ્વાનને બેગમાં ઉપાડીને ટ્રેકની બહાર લાવ્યું અને તુરત જ વેટરનરી ડોક્ટરને બોલાવી તેની સારવાર કરાવી. ઘણી મહેનત પછી આ શ્વાનનો જીવ બચી ગયો છે.આ ઘાતજનક દૃશ્ય વચ્ચે પણ માનવતા અને કરુણાનો પરચો આપનાર આ પોલીસ જવાનોનાં કપડાં લોહીથી ખરડાયેલાં હતાં, છતાં તેમના ચહેરા પર સંતોષ અને દયાની ચમક હતી.આ ઘટનાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગુજરાત પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા જ નહીં, પરંતુ નિરાધાર જીવો પ્રત્યે પણ સંવેદનશીલ અને મદદગાર છે.આ માનવતાભર્યા કાર્ય માટે સાવરકુંડલા પોલીસના આ જવાનોને સલામ!



કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

# SGFI U 19 ક્રિકેટ ટીમ ગુજરાત



નેશનલ સ્કૂલ ગેમ અંતર્ગત ગુજરાત રાજ્ય ની તમામ સ્કૂલો માંથી લગભગ 3 મહિના સુધી ચાલેલી પ્રક્રિયા બાદ અંતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તરફથી 16 ખેલાડીઓનું ચયન કરવામાં આવ્યું છે.હાલ છેલ્લા 15 દિવસથી પોરબંદર ખાતે દિલીપ ક્રિકેટ સ્કૂલ ના ગ્રાઉન્ડ પર ક્રિકેટકોચ મહિપાલસિંહ જેઠવા અને મેનેજર સંદીપ ચૌહાણ દ્વારા પ્લેયર ને આકરી ટ્રેનિંગ અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.તારીખ 2 ડિસેમ્બર થી ટીમ હરિયાણા ના હિસાર ખાતે નેશનલ ટુર્નામેન્ટ રમવા જઈ રહી છે ત્યારે ટીમ ગુજરાત ને રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ શુભ કામનાઓ પાઠવી છે.

SGFI U 19 ક્રિકેટ ટીમ ગુજરાત

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા અંડર ૧૯ ક્રિકેટ ગુજરાતની ટીમ જાહેર કરાઈ જેમા 1. ભવ્ય વાઢેર (કેપ્ટન)2. જેસલ બગડા 3. વાઘાણી યુગ 4. ફોફંડી હિતાંશુ 5. જુનેજા સિવેન 6. ઝાલા માનવીરસિંહ (વોઈસ કેપ્ટન)7. ધરાજીયા દેવ 8. ખાંભલા પાર્થ 9. અંધારીયા આયુષ 10. મકરાણી ઈરફાન (વિકેટકીપર)11. દોશી જસ (વિકેટકીપર)12. ભદ્રા આચાર્ય 13. જાડેજા કર્મવીર 14. જાડેજા મિતરાજસિંહ 15. ચુડાસમા શ્લોક 16. શાહુ આયુષની નિયુક્તિ થઈ. આ ટીમ તારીખ 2 ડિસેમ્બરના રોજ હિસાર, હરિયાણા ખાતે રાષ્ટ્રકક્ષાએ રમવા જશે. જેમાં ક્રિકેટ કોચ તરીકે મહિપાલસિંહ જેઠવા મેનેજર તરીકે સંદીપ ચૌહાણ જશે.

તારીખ : 01/12/2025
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નો નેગેટીવ ન્યુઝ

# સુપર ધમાકા ઓફર

માત્ર રૂા. 99 માં

HD ગ્લાસ સાથે
V8, ટાઈપ સી કેબલ
અને ઈયરફોન ફ્રી...

માત્ર રૂા. ૧૧ માં કવર
સાથે HD ગ્લાસ ફ્રી...

## જનતા મોબાઈલ

પોસ્ટ ઓફીસ રોડ, કલ્પના શુઝની બાજુમાં,
સાવરકુંડલા. મો. 81540 68808

કે.ડી NEWS

તારીખ : 01/12/2025

# એક જ ફોર્મેટમાં સૌથી વધારે સદી ફટકાવનાર ક્રિકેટર બન્યો વિરાટ કોહલી..



30 નવેમ્બર 2025 રવિવારના રોજ રાંચીમાં રમાઈ રહેલી સાઉથ આફ્રિકા વિરુદ્ધ પહેલી વનડે મેચમાં વિરાટ કોહલીએ સદી ફટકારી છે આ સાથે તે એક ફોર્મેટમાં સૌથી વધારે સદી ફટકાવનાર બેટ્સમેન બની ગયો છે.વિરાટ કોહલી અને રોહિત શર્મા બંન્નેએ આ મેચમાં શાનદાર બેટિંગ કરી છે. રોહિત અને વિરાટ વચ્ચે આ મેચમાં 136 રનની પાર્ટનરશિપ પણ થઈ હતી. રોહિત શર્માએ 51 બોલમાં 57 રન બનાવ્યા હતા.કોહલીનો આ ભારતમાં આ ફોર્મેટમાં 59મો પચાસ પ્લસનો સ્કોર છે. તેમણે સચિન તેંડુલકરને પણ પાછળ છોડ્યો છે. સચિનના નામે 58 ફિફ્ટી પ્લસનો સ્કોર હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

કે.ડી. NEWS
તારીખ : 01/12/2025

# મોંઘીબા મહિલા કોલેજ,અમરેલીની ગોલ્ડમેડાલિસ્ટ છાત્રા નિમાવત ગાયત્રીનું રાજ્યપાલના હસ્તે થશે સન્માન



શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલીમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં બી.એ.સેમેસ્ટર-૬ માં અભ્યાસ કરતી કુ.ગાયત્રી દિલીપભાઈ નિમાવતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. છાત્રાની આ વિશેષ સિદ્ધિ બદલ દાતાઓ તરફથી ૩(ત્રણ) ગોલ્ડ મેડલ અને વિવિધ પ્રકારના ૭(સાત) પ્રાઈઝ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ૧(એક) પુરસ્કાર અર્પણ કરાશે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ ખાતે આગામી ૨૫ મી ડિસેમ્બરે ૬૦ મો પદવીદાન સમારોહ યોજાનાર છે, તેમાં રાજ્યપાલશ્રી તથા શિક્ષણ મંત્રીશ્રી ની ઉપસ્થિતિમાં નિમાવત ગાયત્રીને સન્માનિત કરવામાં આવશે. આ વિશેષ પુરસ્કાર પ્રાપ્ત કરીને સંસ્થા,પરિવાર અને સમાજનું ગૌરવ વધારશે. આ વિશેષ સિદ્ધિ બદલ કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી. વેલિયત સાહેબ,શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ શ્રી વસંતભાઈ ગજેરા, મંત્રીશ્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી શ્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક શ્રી ડૉ.ગિરીશભાઈ ભીમાણી તથા સમગ્ર ટ્રસ્ટીગણ તેમજ કૉલેજ સ્ટાફ પરિવારે નિમાવત ગાયત્રીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કે.ડી. NEWS
તારીખ : 01/12/2025

# આજે વિશ્વ એઈડ્સ દિવસ




૧૯૮૮ થી દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડ્સ દિવસ તરીકે નિયુક્ત, એ એક આંતરરાષ્ટ્રીય દિવસ છે જે HIV ચેપના ફેલાવાને કારણે થતી એઈડ્સ રોગચાળા પ્રત્યે જાગૃતિ લાવવા અને આ રોગથી મૃત્યુ પામેલા લોકો માટે શોક વ્યક્ત કરવા માટે સમર્પિત છે . હસ્તગત ઈમ્યુનોડેફિસિયન્સી સિન્ડ્રોમ (AIDS) એ માનવ ઈમ્યુનોડેફિસિયન્સી વાયરસ (HIV) ને કારણે થતી જીવલેણ સ્થિતિ છે. HIV વાયરસ દર્દીની રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે અને અન્ય રોગો સામે તેની પ્રતિકાર શક્તિ ઘટાડે છે. વિશ્વભરના સરકારી અને આરોગ્ય અધિકારીઓ, બિન-સરકારી સંસ્થાઓ અને વ્યક્તિઓ આ દિવસની ઉજવણી કરે છે, ઘણીવાર એઈડ્સ નિવારણ અને નિયંત્રણ પર શિક્ષણ સાથે.૧૯૮૮ માં શરૂ કરાયેલ, પ્રથમ વિશ્વવ્યાપી આરોગ્ય દિવસ - ત્યારથી આ પ્રવૃત્તિ HIV/AIDS વિશે જાગૃતિ લાવવા અને તેની સાથે જોડાયેલા કલંકને તોડવા માટે વૈશ્વિક હિમાયત અભિયાનમાં પરિવર્તિત થઈ છે. તબીબી વિજ્ઞાનમાં પ્રગતિ જે લોકોને વિવિધ રોગોથી બચાવવાનું વચન આપે છે, તેમ છતાં, HIV/AIDS વાયરસ વિશ્વભરમાં લાખો લોકોને પીડિત કરવાનું ચાલુ રાખે છે. તે આજે પણ તેના નિર્માણના દિવસ જેટલો જ સુસંગત છે.H I V એક એવો વાયરસ છે જે રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરે છે, ચેપ અને રોગો સામે લડવાની તેની ક્ષમતાને દબાવી દે છે. જો સારવાર ન કરવામાં આવે તો, H I V એઈડ્સમાં પરિવર્તિત થાય છે, જે ઘાતક બની શકે છે. HIV નો કોઈ સંપૂર્ણ ઈલાજ ન હોવા છતાં, એન્ટિરેટ્રોવાયરલ થેરાપી (ART) વાયરસને દબાવી શકે છે, જેનાથી લોકો સ્વસ્થ, ઉત્પાદક જીવનનો આનંદ માણી શકે છે.


SONIC®
Jewellers Ltd.
જ્યાં દરેક દાગીના કહે
આ મારું ગૌરવ
સોનિક
જવેલર્સ લી.
Haveli Street, Savarkundla
63541 09408
sonic_jewellers_savarkundla

તારીખ : 01/12/2025

# સાવરકુંડલા હોમગાર્ડ યુનિટે રસા ખેંચ ની સ્પર્ધામાં ઝોન કક્ષામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો




ગુજરાત હોમગાર્ડ સૌરાષ્ટ્ર ઝોન કક્ષા હોમગાર્ડ રમત ઉત્સવ 2025 ઝાલાવાડ ગ્રાઉન્ડ ધાંગધ્રા સુરેન્દ્રનગર જિલ્લા ખાતે અમરેલી જિલ્લાની સાવરકુંડલા હોમગાર્ડ યુનિટની રસા ખેંચ ની ટીમ ઝોન કક્ષાનો મહોત્સવ ધાંગધ્રા મુકામે હોય તેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સુરેન્દ્રનગર જિલ્લાની સામે પ્રથમ નંબરે અમરેલી જિલ્લાના સાવરકુંડલા હોમગાર્ડ યુનિટની ટીમ વિજેતા થયેલ અને હવે રાજ્ય કક્ષા ખાતે રમવા જશે કેપ્ટન ફારુક ઝાખરા અતુલ મેર કેતન પંડ્યા મહમદ બ્લોચ હિરેન દાફડા મુસ્તુફા ભટ્ટી મહમદ મકવાણા હિરેન તેરીયા મુસ્તુફા જોખિયા નયુમ કુરેશી એ ભાગ લીધો હતો.આ તકે અમરેલી જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રી રોહિતભાઈ મહેતા દ્વારા અને સાવરકુંડલા હોમગાર્ડ કમાન્ડર શ્રી પ્રવીણભાઈ સાવજ સ્ટાફ ઓફિસર જનસંપક શ્રી અમિતગીરી ગોસ્વામી કંપની કમાન્ડર હિમાંશુ ભટ્ટ દ્વારા ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમ પ્લાન્ટુન કમાન્ડર કેતન પંડ્યા ની યાદી માં જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.કે. NEWS
તારીખ : 01/12/2025

# દ્વેષ, રોષ અને ઈર્ષા ઓછી થશે તો આંતરિક શાંતિ પ્રાપ્ત થશે :પૂજ્ય મોરારીબાપુ



ઘાટકોપરના મેદાન પર ચાલી રહેલી નવ દિવસીય રામકથાના આઠમા દિવસે એટલે કે તારીખ 29 નવેમ્બર 2025 શનિવારના રોજ પૂજ્ય મોરારીબાપુ એ ખુબ સરસ વાત કરી હતી આ કથા ના આરંભે વૃદ્ધાશ્રમ અને વૃક્ષો માટે વહેતા દાન પ્રવાહમાં 111 વૃક્ષો માટે ભાનુશાલી પરિવાર તરફથી તેમજ 51 વૃક્ષો માટે વિપુલ દવે તરફથી અનુદાન પ્રાપ્ત થયું. એક કરોડનું અનુદાન અમેરિકા સ્થિત ઉમાબેન અને નરેશભાઈ તેમજ 11 લાખ ઉમાકાંત ભાઈ દ્વારા દાનની ઘોષણા થઈ ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા એક રૂમ એટલે કે ૧૧ લાખ રૂપિયાને નયનાબેન શાહ દ્વારા બે રૂમ એટલે કે ૨૨ લાખ રૂપિયાની જાહેરાત થઈ બીડી ગ્રુપ દ્વારા 111 વૃક્ષો તેમજ બ્રિજેશ ચંદ્રરાણી પરિવાર દ્વારા એક રૂમનું અનુદાન મળ્યું આવી જાહેરાત સદભાવના વૃદ્ધાશ્રમના મિતલભાઈ ખેતાણી દ્વારા કરવામાં આવી કથાના મનોરથ થી માતૃશ્રી આરાધ્ય મહાસતીજી નો જન્મદિવસ હતો અને પરાગભાઈ દ્વારા હોસ્પિટલ અને બ્લડ બેન્ક અને થેલેસેમિયા જેવી વિવિધ પ્રવૃત્તિ નમ્રમુનિ મહારાજશ્રીના આશીર્વાદથી ચાલે છે જેમાં માત્ર પડતર કિંમતથી જ મળે એવા જૂનાગઢ અને મુંબઈ ખાતે તેમજ હળવદમાં મેડિકલ સ્ટોર પણ બની રહ્યા છે વૃદ્ધાશ્રમ દ્વારા વારંવાર કહેવાય છે કે અમને માવતર આપો અને વૃક્ષો લઈ જાવ બાપુએ કથાના આરંભે પૂર્વ પ્રધાનમંત્રી બાજપાઈજી એ રાષ્ટ્રને રાષ્ટ્રપુરુષ કહે છે એણે લખેલી પંક્તિઓ વાંચતા કહ્યું કે ભારત જમીનનો ટુકડો નથી પરંતુ જીવતું જાગતું રાષ્ટ્રપુરુષ છે હિમાલય જેનું મસ્તક છે કાશ્મીર જેનો કિરીટ એટલે કે મુકૂટ છે પંજાબ અને બંગાળ વિશાળ ખભાઓ છે પૂર્વ અને પશ્ચિમ ઘાટે બે વિશાલ જંઘા છે કન્યાકુમારી ચરણ છે અને સાગર એના પગ પખાડે છે આ વંદનની અભિનંદન ની ભૂમિ છે આ તર્પણ અને અર્પણ ની ભૂમિ છે યહી કંકર કંકર શંકર છે એવી વાત પૂજ્ય મોરારીબાપુ એ બાજપાઈજીને યાદ કરી કહી હતી અને એ પણ કહ્યું તે કે કોઈ પહોંચેલા સાધુ પુરુષનો સંગ આપણને અંદરથી તત્કાલ શુદ્ધ કરે છે અને દ્વેષ રોષ અને ઈર્ષા ઓછી થશે તો આંતરિક શાંતિ પ્રાપ્ત થશે અને રામમાતૃ,ભરત માતૃ,લક્ષ્મણમાતૃ,સીતા માતૃ, અને મારુતિ માતૃ એ માતૃ પંચક છે એમ પણ પૂજ્ય મોરારીબાપુએ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 01/12/2025

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બ્લડબેંક શુભારંભ તથા રકતદાન..

**3 દિવસ બાકી**



## જાહેર આમંત્રણ

પ.પુ. ઉષામૈયા (શ્રી શિવદરબાર આશ્રમ- કાનાતળાવ)
નાં આશિર્વાદથી ગુજરાત સરકારશ્રી દ્વારા સાવરકુંડલા
શહેર ખાતે કે.કે. મહેતા હોસ્પિટલમાં લોકપ્રિય
ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી શરૂ થવા જઈ રહેલ

**બ્લડબેંકના શુભારંભ પ્રસંગે**

આ શુભ અવસરે સિવિલ હોસ્પિટલ તથા

## સદ્‌ભાવના ગૃપ દ્વારા

**રકતદાન કેમ્પ** નું આયોજન કરેલ છે.

* તારીખ : ૫/૧૨/૨૦૨૫, શુક્રવાર
* સમય : સવારે ૯ કલાકથી
* સ્થળ : કે.કે. મહેતા સિવિલ હોસ્પિટલ, સાવરકુંડલા



દરેક રકતદાતાઓને HDFC BANK તથા
સીવીલ હોસ્પિ. નાં સહયોગથી
2 સરપ્રાઈઝ ગીફ્ટ આપવામાં આવશે.

રજીસ્ટ્રેશન માટે : જય ગઢીયા - 99240 81900 * રોનક નાંઢા - 90333 29099

તારીખ : 01/12/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આયુષ ડોક્ટર એસોસિએશનનો સાવરકુંડલા ખાતે સ્નેહમિલન સમારોહ યોજાયો...



30 નવેમ્બર 2025 રવિવારે હીંગુ વાડી ખાતે આયુષ ડોક્ટર એસોસિએશન સાવરકુંડલાનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં સાવરકુંડલા તાલુકાના તમામ આયુષ ડોક્ટરના ફેમેલી મેમ્બર્સ હાજર રહીને કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં સેક્રેટરી ડો.લોપાબેન ગોંડલીયા દ્વારા વિવિધ રમતો, ગીત, સંગીત અને રાસ ગરબા નું ભવ્ય આયોજન થયું હતું .અને ત્યારબાદ સ્વરુચિ ભોજન નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી રસિકભાઈ વેકરીયા વીએચઆરઓ નું સન્માન ઉપપ્રમુખ ડો. વિશાલ લશ્કરી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સાવરકુંડલા આયુષ ડોક્ટર એસોસિએશનના પ્રમુખ ડો એન.ડી.પાનસુરીયાની યાદીમાં જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

9081241916




## ૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર.. *

*શરતો લાગુ

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

**24 DAYS LEFT**

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

તો ખરીદી કરવા નું ભૂલશો નહી !!

AR JEWELLERS

# એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલા ગુરૂ દત્તાત્રેય આશ્રમ ખાતે મહંત ગંગાગીરીબાપુની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને 11 કુંડી રૂદ્ર મહાયજ્ઞ યોજાશે



દુષ પ્રવૃત્તિઓનાં વિનાશ, માનવ કલ્યાણર્થે 11 કુંડી રૂદ્ર મહાયજ્ઞમાં સમગ્ર ભારતભર માંથી સંતો ઉપસ્થિત રહેશે સાવરકુંડલા મહુવા રોડ રેલવે ફાટક પાસે આવેલ સુપ્રસિધ્ધ ગુરૂ દત્તાત્રેય આશ્રમ ચમેલીગીરીબાપુ સમાધી સ્થળ ખાતે આગામી તારીખ 05/12 શુક્રવાર થી 09/12 મંગળવાર સુધી પંચ દિવસીય બ્રહ્મલીન મહંત પૂજ્ય ગંગાગીરીબાપુની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ શ્રીપંચ દશનામ જુના અખાડા તેરામઢી કપુરતલ્લા પરિવાર પર વિશ્વ બંધુત્વ, આધ્યાત્મિક ચેતના, સદ્પ્રવૃત્તિ સંવર્ધન તથા દુષ્પ્રવૃત્તિઓનાં વિનાશ હેતુ માનવ કલ્યાણર્થે 11 કુંડી રૂદ્ર મહાયજ્ઞ યોજાશે જેમાં બ્રહ્મલીન પૂજ્ય મહંત ચમેલીગીરીબાપુ, બ્રહ્મલીન પૂજ્ય મહંત ભગવાનગીરીબાપુ તપસ્વી, બ્રહ્મલીન મહંત પૂજ્ય ગંગાગીરીબાપુની મૂર્તિ પૂજન, અર્ચન, ધ્વજારોહણ, મહા આરતી, મહા પ્રસાદ, ધ્વજારોહણ, સંતવાણી વગેરે ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે પંચ દિવસીય 11 કુંડી રૂદ્ર મહાયજ્ઞ પ્રસંગે દેવ સ્થાપના, હેમાદ્રી, પ્રાયશ્ચીત સ્નાન, અગ્નિ સ્થાપના, દેવ પૂજન, યજ્ઞ, ગુરૂમૂર્તિ જલાધિવાસ, ગુરૂમૂર્તિ વસ્ત્રાધિવાસ, ગુરૂમૂર્તિ અન્નાધિવાસ, મૂર્તિ પ્રતિષ્ઠા, યજ્ઞ પૂર્ણાહુતિ, બીડું હોમ, મહા પ્રસાદ, ભંડારો વગેરે યજ્ઞ પ્રસંગો યોજાશે યજ્ઞના આચાર્યપદે ઉમેશચંદ્ર આચાર્ય હરિહરધામ ઉજૈન બિરાજશે મહંત ગંગાગીરીબાપુની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને 11 કુંડી રૂદ્ર મહાયજ્ઞ મહોત્સવને સફળ બનાવવા ગાદીપતિ મહંત વિક્રમગીરીબાપુ તૈયારીઓ કરી રહ્યાછે જેમાં સમગ્ર ભારતભર માંથી શ્રીપંચ દશનામ જુના અખાડા ના સંતો, મહંતો, મહામંડલેશ્વરો, નાગા સંન્યાસીઓ અને ધર્મ પ્રેમી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન ભાડે આપવાનું છે...

## 1 BHK તમામ સુવિધાવાળું "ખોડીયાર કૃપા", 25-B વિદ્યુતનગર,સાવરકુંડલા.

**: સંપર્ક :**

**મો. 94275 55488**

કે.ડી NEWS

તારીખ : 01/12/2025

# રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના હેડ ઓફિસના બિલ્ડીંગના ભૂમિપૂજન સમારોહમાં સહભાગી બન્યાં



અમરેલી તા.૩૦ નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર) રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા આજે ધારી રોડ પરના અમર ડેરી ચિલિંગ પ્લાન્ટ ખાતે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના હેડ ઓફિસના નવનિર્મિત થનાર બિલ્ડીંગના ભૂમિપૂજન સમારોહમાં સહભાગી બન્યા હતા.આ ભૂમિ પૂજન સમારોહમાં ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, અગ્રણી શ્રી મનીષભાઈ સંઘાણી, અગ્રણી સહિતના મહાનુભાવો અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા.



નો નેગેટીવ ન્યૂઝ

કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# શિક્ષક જોઈએ છે...

## ધોરણ 1 થી 8

## લાયકાત : પીટીસી, બી.એ., બી.એડ,

## પગાર : 7000

**અનુભવી પ્રથમ પસંદ**

**સંપર્ક : મો. 7874050186**

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




# લોકશાળા ખડસલી ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદ દ્વારા સુરતમાં યોજાયો ત્રિવિધ કાર્યક્રમ

આગામી તારીખ 29 અને 30 મી જાન્યુઆરીએ પૂજ્ય મોરારીબાપુની ઉપસ્થિતિમાં લોકશાળા ખડસલી ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન યોજાઈ રહ્યું છે. તે અંતર્ગત રાજકોટ, સુરત અને અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. શનિવારે સાંજે અથર્વ ઈન્ટરનેશનલ સ્કૂલ ડીંડોલી ખાતે લોકશાળા ખડસલી ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદ સુરત શાખા દ્વારા ગુજરાતના જાણીતા સાહિત્યકાર શ્રી મનસુખભાઈ સલ્લાના અધ્યક્ષ સ્થાને લોકશાળા ખડસલીના નિવૃત્ત આચાર્ય અને પરિષદના પ્રમુખ શ્રી દોસ્તભાઈ બલોચના "અવિસ્મરણીય છબીઓ" પુસ્તક વિમોચન સહિત ત્રિવિધ કાર્યક્રમનું આયોજન થયું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે મુખ્ય મહેમાન તરીકે રાજકોટથી ગ્રામ સેવા મંડળના પ્રમુખ શ્રી હિંમતભાઈ ગોડા, મુંબઈથી સામાજિક કાર્યકર શ્રી પ્રવીણભાઈ પારેખ, લોકભારતી સણોસરા યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, સુરતના સામાજિક અગ્રણી અને પત્રકાર શ્રી પી.બી. ઢાકેચા, લોકશાળા ખડસલીના પૂર્વ આચાર્યશ્રી બળુભાઈ ગોડા, જાણીતા કવિ અને વાર્તાકાર શ્રી મનોહરભાઈ ત્રિવેદી, શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી અને પરિષદના સ્થાપક શ્રી વિનુભાઈ રાવલ, વિકલાંગ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હાજીભાઈ બાદી, અથર્વ ઈન્ટરનેશનલ સ્કૂલના ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ગોલકિયા ઉપસ્થિત રહ્યા.

પુસ્તક અને લેખકનો રોચક પરિચય શ્રી મનોહરભાઈ ત્રિવેદીએ પ્રસ્તુત કર્યા પછી અધ્યક્ષશ્રી મનસુખભાઈ સલ્લા અને મહેમાનોના વરદ હસ્તે પુસ્તક વિમોચન કરવામાં આવ્યુ. ત્યારબાદ લોકશાળા ખડસલી ભૂતપૂર્વ વિદ્યાર્થી પરિષદના મંત્રી શ્રી કિશોરકુમાર જાની, શ્રી પી.બી. ઢાકેચા, શ્રી દોસ્તભાઈ બ્લોચ અને અધ્યક્ષશ્રીએ ખૂબ જ રસપ્રદ શૈલીમાં પ્રસંગોચિત ઉદબોધન કરેલ. શાબ્દિક સ્વાગત પરિષદના ટ્રસ્ટી શ્રી રજનીભાઈ દોંગાએ કર્યું. કાર્યક્રમના બીજા ઉપક્રમમાં શ્રી હિંમતભાઈ ગોડા, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી, શ્રી વિનુભાઈ રાવળ અને શ્રી નાનજીભાઈ મકવાણાએ લોકશાળા ખડસલીમાં પૂજ્ય મોરારીબાપુના સાનિધ્યમાં યોજાઈ રહેલા સ્નેહ સંમેલન અંગે વિસ્તૃત છણાવટ કરીને સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હાજર રહેવા માટે લાગણીસભર આમંત્રણ આપ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ભાવેશભાઈ દોંગા અને આભારવિધિ પરિષદના ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ વાટલીયાએ કરી. સમગ્ર કાર્યક્રમની ભવ્ય સફળતા માટે ટીમ સુરતના અગ્રણી શ્રી કિશોરકુમાર જાની, શ્રી રજનીભાઈ દોંગા, શ્રી જનકભાઈ સાવલિયા, શ્રી અશ્વિનભાઈ વાટલીયા, શ્રી ભોજાભાઈ જોગરાના, શ્રી ભાવેશભાઈ દોંગા, શ્રી અલ્પેશભાઈ પંડ્યા, શ્રી વલ્લભભાઈ ખૂંટ, શ્રી દકુભાઈ માલાણી, શ્રી રમેશભાઈ વાટલિયા, શ્રી સંદીપભાઈ દોંગા, શ્રી રમેશભાઈ ભંડેરી, શ્રી નરેન્દ્રભાઈ ચાવડા અને શ્રી વિપુલભાઈ મહેતાએ ખુબ સારી જહેમત ઉઠાવી. ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત સર્વે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ લોકશાળા ખડસલીના સોનેરી સંસ્મરણોને વાગોળી, ગુરૂજનોને પખાળી, કઢી-ખીચડી, ઓળા, રોટલા સુખડીનું હાર્યે વાળુ કરીને, રાષ્ટ્રગીતના બુલંદી ગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સ્પેશ્યલ એક્ષચેન્જ ઓફર ટુંક સમય માટે જ....

## હવે એકયુરેટમાંથી ખરીદી કરવી વધારે ફાયદામાં !!!
## બધે જ ભાવ પુછીને આવો...

* અમારા દ્વારા વગર વ્યાજના હપ્તા
ફાઈલ ચાર્જ કે પેનલ્ટી નહીં * કોઈ છુપા ચાર્જ નહીં

વેચાણ પછીની ઉત્તમ સેવા...
તો વધારે નાણા શા માટે ચુકવો છો ? આવો પધારો...



જુના ટીવીના રૂા. ૭૦૦૦ સુધી બાદ તથા ખરીદી સાથે ગીઝર ભેટ મેળવો..



મીની ગીઝર MCB સાથે..
૧ યુનિટમાં ૮૦ લીટર ગરમ પાણી
૧ વર્ષ પીસ ટુ પીસની ગેરેંટી.. કિંમત માત્ર રૂા. ૧૫૦૦



૩ લીટર ગીઝર
કિંમત રૂા. ૨૭૦૦ થી શરૂ...
૧ વર્ષની વોરંટી



લેપટોપ
ડેલ, આસુસ, લીનોવા દરેક મોડલ હાજરમાં...

## ખાસ એક્ષચેન્જ ઓફર

જુના ટીવીના ૭૦૦૦ સુધી * જુની ઘંટીના ૨૫૦૦
જુના મિક્ષ્ચરના રૂા. ૭૫૦ * જુના ગ્રાઈન્ડરના રૂા. ૨૫૦
જુની ઈસ્ત્રીના રૂા. ૧૦૦ * ફર્નિચરમાં પણ એક્ષચેન્જ સ્કીમ

આ ઉપરાંત એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી, સેટી, પલંગ, કબાટ, સોફા વિગેરે તો ખરૂ જ...

# એકયુરેટ ઈલેકટ્રોનિકસ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ 3333

તારીખ : 01/12/2025

કે.ડી. NEWS

# રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કુકાવાવ તાલુકાના ખજુરી ગામેથી મેઘા પીપળીયા રોડને જોડતા રસ્તા અને ખજુરી-રણુજાધામ તરફના રોડનું ખાતમુહૂર્ત કર્યું...





## સુવિધા પથ યોજના હેઠળ બંને રસ્તાઓ રૂ.૧.૧૦ કરોડના ખર્ચે આર.સી.સી.ના બનશે

અમરેલી તા.30 નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર) રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કુકાવાવ તાલુકાના ખજુરી ગામે સુવિધા પથ યોજના હેઠળ પ્રાથમિક શાળાથી મેઘા પીપળીયા રોડને જોડતા સુધીના રસ્તા અને ખજુરી પ્રાથમિક શાળાથી રણુજા ધામ તરફના રસ્તાનું ખાતમુહૂર્ત કર્યું હતું.

રાજ્યમંત્રીશ્રીએ વિધિવત રીતે શ્રીફળ વધેરી ખજુરી ગામે સુવિધા પથ યોજના હેઠળ રૂ. કુલ ૧.૧૦ કરોડના ખર્ચે આરસીસી રોડના કામનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસના કામો અવિરતપણે થતા રહેવાના છે, તેમણે એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર રાજ્ય કમોસમી વરસાદની આફતમાં પણ ખેડૂતોની પડખે રહી, રૂ.૧૦ હજાર કરોડનું ઐતિહાસિક સહાય પેકેજ જાહેર કર્યું છે, જે સહાયના નાણાં ખેડૂતોના બેંક ખાતામાં જમા પણ થવા લાગ્યા છે, તેમણે એમ પણ કહ્યું કે, રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં પાક નુકસાનીની સહાય માટે અરજી કરવાની મુદતમાં પણ વધારો કર્યો છે, જેથી ખેડૂતો સહાયથી વંચિત ન રહે. તેમણે ખજુરી ગામના વિકાસ માટે ગામના અગ્રણી શ્રી ચેતનભાઈ ખાનપરા અને ચેતનભાઈ કાછડીયાની મહેનત અને પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. આ વિકાસના કામોના ખાતમુહૂર્તના પ્રસંગે કુકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પરસોત્તમભાઈ હિરપરા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી વિપુલભાઈ રાંક સહિતના પદાધિકારી અધિકારી ઉપરાંત આસપાસના ગામના સરપંચશ્રીઓ- અગ્રણીઓ અને ખજુરી ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**વિકાસ કાર્યો અવિરતપણે થતા રહેશે : રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા**

તારીખ : 01/12/2025

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.



## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જયાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જયાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કુકાવાવ તાલુકાના તોરી - ચુડા રોડ પર રૂ.૬૫ લાખના ખર્ચે નિર્મિત થનાર માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું

અમરેલી તા.૩૦ નવેમ્બર, ૨૦૨૫ (રવિવાર) રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ કુકાવાવ તાલુકાના તોરી - ચુડા રોડ પરના માઈનોર બ્રિજનું ખાતમુહૂર્ત કર્યું હતું. રાજ્યમંત્રીશ્રીએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રીફળ વધેરી અને પ્રતિકાત્મક રૂપે ત્રિકમથી રૂ.૬૫ લાખના ખર્ચે નિર્મિત થનાર માઈનોર બ્રીજના નિર્માણ કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે તેમણે સ્થાનિક આગેવાનો સાથે સૌજન્યસભર મુલાકાત કરી હતી. આ માઈનોર બ્રીજ નિર્માણ થકી રસ્તાઓના જોડાણથી પરિવહન વ્યવસ્થા સરળ બનશે અને લોકોની સુખાકારીમાં વધારો થશે.ગ્રામજનોની વર્ષોથી રહેલી માંગને પૂર્ણ કરતી આ યોજના હવે તોરી અને આસપાસના વિસ્તારો સુદ્રઢ માર્ગ વ્યવસ્થા સાથે જોડાશે. આસપાસના ગ્રામજનોમાં પણ આ માઈનોર બ્રિજનું નિર્માણ કાર્ય શરૂ થવાથી હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.આ તકે સ્થાનિક આગેવાનો માર્ગ અને મકાન - પંચાયત વિભાગના અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.











તારીખ : 01/12/2025

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મુરલીધર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી મંગલમ્ વિદ્યામંદિર-ઠવીના પ્રાગણમાં તારીખ:- 28/11/2025, શુક્રવારના રોજ અતિ ભવ્ય કાર્યક્રમ વિષય MISSION S.M.I L.E. ઉજવવામાં આવ્યો







એ કાર્યક્રમને દિપાવવા માટે પરમપૂજ્ય ગુરુ શ્રી ધનસુખનાથ બાપુ , ૧૦૦૮ શ્રી શ્રી જસુબાપુ તેમજ કાર્યક્રમના અધ્યક્ષ સંજય ખરાત સાહેબ - અમરેલી SP તેમજ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા/લીલીયા) , જયવીર સાહેબ ગઢવી - ASP, પી.જે. રામાણી - PSI, RFO સાહેબ, જીવનભાઈ વેકરીયા, અશોકભાઈ ખુમાણ , મધુભાઈ સવાણી, જેતુબાપુ, પુનાભાઈ ગજેરા, કાળુભાઈ લુણસર, રાણાભાઈ ભુવા, મેહુલભાઈ ચૌહાણ તથા આજુબાજુ ગામના સરપંચશ્રીઓ, આગેવાનશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ. કાર્યક્રમમાં પધારી કાર્યક્રમને ખુબ જ અદ્દભુત બનાવ્યો. બાળકો દ્વારા વિષય ઉપર ખૂબ સરસ નાટક અને ડાન્સ દ્વારા GOOD TOUCH AND BAD TOUCH વિષય ઉપર બાળકોએ નાટક રજૂ કર્યું તેમજ શાળાના શિક્ષિકા બેન રીનાબેનએ વિષય ઉપર વિશેષ માહિતી આપી. સાથે આજના યુગમાં બાળકો સાથે જે પ્રક્રિયા ખોટી થઈ રહી છે તે વીડિયોના માધ્યમથી વાલી અને વિદ્યાર્થીને સમજાવવામાં આવ્યા. આ વિષય ઉપર ખુદ S P સાહેબ શ્રી એ તેમજ ધારાસભ્યશ્રીએ આજના બાળકોને અને વાલીઓને ખૂબ જ ઊંડાણ પૂર્વક વક્તવ્ય આપવામાં આવ્યું. કાર્યક્રમને ખુબ સરસ બનાવવા માટે સમગ્ર મંગલમ સ્કૂલ અને વંડા PSI રામાણી સાહેબ તેમજ એની આખી ટીમ જેહમત ઉઠાવી કાર્યક્રમને બેસ્ટ બનાવ્યો. આ યાદી મંગલમ સ્કૂલના સંચાલક ભાવેશભાઈ ભુવાએ જણાવી છે.





નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા - 2025 માં અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા કૉલેજની છાત્રાઓની સિદ્ધિ



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાન્તિકુંજ હરિદ્વાર દ્વારા તા. 30-11-2025 ના રોજ ગાયત્રી સંસ્કાર ધામ, ચલાલા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની 'ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-2025' માં શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીની વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં 'સંસ્કૃતિ દર્પણ'માં ગોરી મુનેરા અકબરભાઈ (T.Y.B.A.) એ અમરેલી જિલ્લામાં દ્વિતીય તથા બતાડા ભારતી કડવાભાઈ (S.Y.B.A.)એ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ તેમજ 'સંસ્કૃતિ ભાસ્કર 'માં પરમાર દયા રવજીભાઈ(S.Y.B.A.) એ અમરેલી જિલ્લામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધારેલ છે. આ વિશેષ સિદ્ધિ બદલ ત્રણેય વિદ્યાર્થિની બહેનોને કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.જી.વી.વેલિયત સાહેબ, શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ શ્રી વસંતભાઈ ગજેરા, મંત્રી શ્રી મનસુખભાઈ ધાનાણી,મંત્રી શ્રી ચતુરભાઈ ખૂંટ, નિયામક શ્રી ડૉ.ગિરીશભાઈ ભીમાણી, માર્ગદર્શક અધ્યાપક ડૉ.એમ.જે.પટોળિયા તેમજ કૉલેજ સ્ટાફ પરિવારે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ગ્લોબલ વોર્મિંગ ની હાકલ વિશ્વભરમાં વાગી ચૂકી છે ઋતુચક્ર તેનું સંતુલન ગુમાવી રહ્યું છે જેને લઈને વિશ્વભરમાં સીઝન વગરનો ભારે વરસાદ પડ્યો છે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પણ કમોસમી વરસાદ અને અમુક જગ્યાએ વાત કરવામાં આવે તો થોડાક વાવાઝોડાની અસર તો ઠંડી કે ગરમીનું અપ્રમાણસણ પડવું ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમી પણ પડી રહી છે ત્યારે હવે સામાન્ય આ બધું બનતું જઈ રહ્યું છે માણસ દિન પ્રતિદિન વધુ ને વધુ ઊંચાઈ સર કરી આસમાને પહોંચવા મથી રહ્યો છે ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા શહેરનું એક કુદરતી દ્રશ્ય ઘણું બધું કહી જાય છે.

તસ્વીર મલય એમ વ્યાસ




નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કાકા સાહેબ કાલેલકર ની આજે જન્મજયંતિ...

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧ ડિસેમ્બર ૧૮૮૫ - ૨૧ ઓગસ્ટ ૧૯૮૧), જે કાકા કાલેલકર તરીકે જાણીતા છે , તે ભારતીય સ્વતંત્રતા કાર્યકર, સમાજ સુધારક, પત્રકાર અને મહાત્મા ગાંધીના દર્શન અને પદ્ધતિઓના પ્રખ્યાત અનુયાયી હતા .

જન્મ મહારાષ્ટ્રના સાતારામાં. મરાઠીમાં પ્રાથમિક શિક્ષણ પુના, શાહપુર, બેલગામ, જત, સાઘનુર અને ધારવાડ વગેરે સ્થળેથી લઈને ૧૯03માં મેટ્રિક. ૧૯0૭માં પૂનાની ફર્ગ્યુસન કોલેજમાંથી ફિલોસોફી વિષય સાથે બી.એ. ૧૯0૮માં એલ.એલ.બી.ની પ્રથમ વર્ષની પરીક્ષા. ૧૯0૮માં બેલગામમાં ગણેશ વિદ્યાલયમાં આચાર્ય. ૧૯0૯માં મરાઠી દૈનિકમાં. ૧૯૧0માં વડોદરાના ગંગનાથ વિદ્યાલયમાં. ૧૯૧૨માં વિદ્યાલય બંધ થતાં હિમાલયના પગપાળા પ્રવાસે. ૧૯૧૫થી શાંતિનિકેતનમાં. ૧૯૨0થી ગુજરાત વિદ્યાપીઠમાં પ્રાચીન ઈતિહાસ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદો અને બંગાળીના અધ્યાપક. અહીં ગુજરાતી જોડણીકોશનું કામ એમણે સંભાળેલું. ૧૯૨૮માં વિદ્યાપીઠના કુલનાયકપદે. ૧૯3૪માં વિદ્યાપીઠમાંથી નિવૃત્તિ. ૧૯3૫માં ‘રાષ્ટ્રભાષા સમિતિ’ના સભ્યપદે રહી હિન્દી ભાષાના રાષ્ટ્રીય કક્ષાએ પ્રચારનું કાર્ય. ૧૯૪૮થી ગાંધી સ્મારક નિધિ, મુંબઈમાં અને ૧૯૫૨થી એ દિલ્હીમાં ખસેડાઈ ત્યારે દિલ્હીમાં સ્મારક નિધિના કાર્યમાં જીવનનાં છેલ્લાં વર્ષો સુધી વ્યસ્ત. દશેક વખત કારાવાસ ભોગવેલો અને પાંચેક વખત વિદેશપ્રવાસ ખેડેલો. ૧૯૫૨માં રાજ્યસભાના સંસદસભ્ય તરીકે ને ૧૯૫3માં ‘બેકવર્ડ ક્લાસ કમિશન’ના પ્રમુખ તરીકે તેઓ નિયુક્ત થયેલા. ૧૯૫૯ના ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના વીસમા અધિવેશનના પ્રમુખ. ૧૯૬૪માં ‘પદ્મવિભૂષણ’નો ઈલ્કાબ અને ૧૯૬૫નું સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક.તેમનો જન્મ ઈ.સ. ૧૮૮૫માં સતારામાં થયો હતો. તેમની મૂળ અટક રાજાધ્યક્ષ હતી. પરંતુ સાવંતવાડી વિસ્તારમાં આવેલા કાલેલી ગામના વતની હોવાથી તેઓ કાલેલકર તરીકે ઓળખાયા. તેઓ માતાપિતાનું પાછલી વયનું સંતાન હોવાથી ખૂબ લાડકોડમાં ઊછર્યા હતા. પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં તેમણે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. તેમને નાનપણથી જ પ્રવાસનો ઘણો શોખ હતો. તેઓ આજીવન કુદરતપ્રેમી, પ્રવાસી, પરિવ્રાજક બની રહ્યા. તેઓ વિવિધ ભાષાઓ શીખવાના શોખીન હતા.

સાહિત્ય પરીચય

ફેરફાર કરોગાંધીજીના અંતેવાસીઓમાંના દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર પાસેથી ભારતીય સંસ્કૃતિનું સમુચિત ગૌરવ કરતું ચિંતનલક્ષી સાહિત્ય અને વિરલ પ્રવાસનિબંધો મળ્યાં છે. એ પૈકી ‘હિમાલયનો પ્રવાસ’ પુરાણ, ધર્મ, ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિની રમણીય યાત્રા બની રહે છે. તો લલિત નિબંધ એક સ્વનિર્ભર સાહિત્યિક સ્વરૂપ તરીકે તેમના નિબંધોથી પ્રતિષ્ઠિત થાય છે. શુદ્ધ કલ્પનાપ્રાણિત નિબંધો ઉત્તમ રૂપે અને વિપુલ સંખ્યામાં પ્રથમવાર તેમની પાસેથી મળે છે. ‘રખડવાનો આનંદ’, ‘જીવનનો આનંદ’, ‘જીવનલીલા’, ‘ઓતરાતી દીવાલો’ વગેરે સંગ્રહોમાં આ પ્રકારની લલિતરચનાઓ છે. તેમા ગદ્યસામર્થ્યને કારણે ગાંધીજી તરફથી તેમને "સવાઈ ગુજરાતી" નું બિરુદ મળેલું.[૧]‘હિમાલયનો પ્રવાસ’ (૧૯૨૪), ‘બ્રહ્મદેશનો પ્રવાસ’ (૧૯3૧), ‘પૂર્વ આફ્રિકામાં’ (૧૯૫૧), ‘શર્કરાદ્વિપ અને મોરેશિયસ’ (૧૯૫૨), ‘રખડવાનો આનંદ’ (૧૯૫3), ‘ઊગમણો દેશ’ (૧૯૫૮) એ એમના પ્રવાસગ્રંથો છે. સ્થળની સૂક્ષ્માતિસૂક્ષ્મ ખાસિયતો અને સ્થળસંદર્ભે ચિત્તમાં જાગતાં સ્મૃતિસાહચર્યોને તેઓ આલેખે છે, પરિણામે આ પ્રવાસગ્રંથોની સામગ્રી માત્ર માહિતીમૂલક લેખો ન બની રહેતાં નિબંધનું રૂપ ધારણ કરે છે. ‘સ્મરણયાત્રા’ (૧૯3૪) આત્મકથા ન બનતાં શૈશવના પ્રસંગોને આત્મનેપદી શૈલીમાં રજૂ કરતી સંસ્મરણકથા બની રહે છે. ‘બાપુની ઝાંખી’ (૧૯૪૬) અને ‘મીઠાને પ્રતાપે’ (૧૯૫૫) જેવા ગ્રંથો બાપુના પૂર્ણરૂપના જીવનચરિત્ર વિષયક ગ્રંથનું સ્વરુપ ધારણ ન કરતાં જીવનચરિત્ર માટેની શ્રદ્ધેય વિષયસામગ્રી પૂરી પાડતા ગ્રંથો બની રહે છે. ‘ધર્મોદય’ (૧૯૫૨)માંથી કાકાસાહેબની ધર્મભાવના અને શ્રદ્ધાનું રૂપ દ્રષ્ટિગોચર થાય છે. ‘શ્રી નેત્રમણિભાઈને’ (૧૯૪૭), ‘ચિ.ચંદનને’ (૧૯૫૮) અને ‘વિદ્યાર્થિનીને



પત્રો’ (૧૯૬૪)માં તે વ્યક્તિઓને લખેલા એમના પત્રો સંગ્રહિત છે. એમણે, ગાંધીજીએ જુદી જુદી વ્યક્તિઓને લખેલા પત્રોનાં છએક જેટલાં સંપાદનો પણ તૈયાર કરેલાં. ‘પ્રાસંગિક પ્રતિસાદ’ (૧૯૭0) એ એમની ડાયરીના અંશો ધરાવતી ડાયરી શૈલીની નોંધોનો સંગ્રહ છે. અહીં ચરિત્રાત્મક સાહિત્યનાં આત્મચરિત્ર, જીવનચરિત્ર જેવાં સ્વરૂપો ગૌણસ્વરૂપે, તો પત્રો અને ડાયરી જેવાં ગૌણસ્વરૂપો મુખ્યરૂપે એમની પાસેથી પ્રાપ્ત થાય છે.એમનું ચિંતનાત્મક લખાણ સંસ્કૃતિ, કલા અને સાહિત્ય-એમ ત્રિવિધ ક્ષેત્રે વહેંચાયેલું છે. ‘ઓતરાતી દીવાલો’ (૧૯૨૫), ‘જીવતા તહેવારો’ (૧૯30), ‘જીવનસંસ્કૃતિ’ (૧૯3૬), ‘જીવનભારતી’ (૧૯3૭), ‘ગીતાધર્મ’ (૧૯૪૪), ‘જીવનલીલા’ (૧૯૫૬), ‘પરમસખા મૃત્યુ’ (૧૯૬૬)માંથી એમનું સંસ્કૃતિચિંતન તેમ જ ‘જીવનનો આનંદ’ (૧૯3૬), ‘જીવનવિકાસ’ (૧૯3૬), ‘અવારનવાર’ (૧૯૫૬), ‘જીવનપ્રદીપ’ (૧૯૫૬), ‘રવીન્દ્રસૌરભ’ (૧૯૫૬), ‘ગુજરાતમાં ગાંધીયુગ’ (૧૯૭0), ઈત્યાદિ ગ્રંથોમાંથી એમનું કળા અને સાહિત્ય વિષયક ચિંતન પ્રાપ્ત થાય છે. એમના સાહિત્યચિંતનમાંથી સાહિત્યનાં પ્રયોજન અને કાર્ય, સાહિત્યની કસોટી, શક્તિ અને સફળતા વિશે, સાહિત્ય અને નીતિ, જીવનમૂલ્યો વગેરે વિશેના વિચારો મળે છે. શૃંગાર, વીર, કરુણ વગેરે રસોની શક્તિ અને કાર્ય વિશે એમણે કરેલી પરીક્ષા તથા પ્રશિષ્ટ ગ્રંથોના સેવનની એમણે કરેલી હિમાયત આજે પણ એટલી જ પ્રસ્તુત અને ઉપયોગી છે.એમના વિપુલ સાહિત્યમાંથી કેટલાક વિચારપ્રધાન, લલિત અને અંગત નિબંધોના પણ સુંદર ઉદાહરણો મળે છે. એમનું મોટા ભાગનું સાહિત્ય શિક્ષણ અને પત્રકારત્વની કામગીરીની નીપજરૂપ છે.એમણે પત્રકારત્વ ક્ષેત્રે જે પ્રદાન કર્યું છે તેનું ઘણું મૂલ્ય છે. પ્રારંભમાં ૧૯0૯માં લોકમાન્ય તિલકના મરાઠી પત્ર ‘રાષ્ટ્રમત’માં સેવાઓ આપેલી. પછી ૧૯૨૨ થી ‘નવજીવન’માં જોડાયેલા. એમણે લખેલા તંત્રીલેખો તથા ‘શિક્ષણ અને સાહિત્ય’ ની વિષયસામગ્રી ધ્યાનાર્હ બની રહે એ કોટિની છે. ૧૯3૬ થી ‘ભારતીય સાહિત્ય પરિષદ’ના હિન્દી મુખપત્ર ‘હંસ’ ના સંચાલનમાં એમણે સેવાઓ આપેલી. હિન્દીના પ્રચારાર્થે ‘વિહંગમ’માં સંપાદકપદે પણ રહેલા. ૧૯3૭ થી ગાંધીવિચારધારાના પ્રચારાર્થે ‘સર્વોદય’ શરૂ કરેલું. ૧૯૪૮ માં એમણે ‘મંગલપ્રભાત’ શરૂ કરેલું, જે ૧૯૭૫ સુધી ચાલેલું.ગુજરાતી ઉપરાંત હિંદી અને મરાઠી ભાષામાં પણ એમણે પત્રકારત્વની કામગીરી કરી છે. એક નીડર અને મૂલ્યનિષ્ઠ પત્રકાર રહીને એમણે પ્રકાશિત કરેલી સામગ્રીને કારણે એમને અનેક વખત કારાવાસની સજા થયેલી. ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબનું સ્થાન સીમાસ્તંભ કોટિનું છે. જીવનવાદી કલામીમાંસક-વિચારક કાકાસાહેબનું ગદ્ય ગુજરાતી ગદ્યના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. એમને ‘સવાઈ ગુજરાતી’ સર્જક તરીકેનું બિરુદ આ કારણે જ મળેલું. ભાવ, ભાષા અને અભિવ્યક્તિ સંદર્ભે એમના નિબંધોનું ઊંચું મૂલ્ય અંકાયું છે.ઈ.સ. ૧૯૮૧ના ઓગસ્ટ મહિનાની વીસમી તારીખના રોજ તેમનું અવસાન થયું હતું. ગાંધીજી કાકા કાલેલકર ને સવાઈ ગુજરાતી કહેતા.આજ રોજ તેમની રચના વાંચીએ અને તેમને વંદન કરીએ.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલય ની વિદ્યાર્થીની બહેનો કલા ઉત્સવમાં ઝળકી




શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની બહેનો એસવીએસ કક્ષાએ કલા ઉત્સવમાં ખૂબ સુંદર પ્રદર્શન કરી ને તાલુકા કક્ષાએ પણ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. એસવીએસ કક્ષાએ સુગમ ગીત તેમજ ચિત્ર અને વાદન માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ચારેય વિદ્યાર્થીની બહેનો નુતન હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષાના કલા મહોત્સવમાં ભાગ લીધેલ હતો જેમાં ઝીલ ધર્મેન્દ્રભાઈ જોશી એ સુગમ ગીત વિભાગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ હતો તેમજ વાદનમાં માં ચૌહાણ પ્રિયાંશી એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલો હતો. બન્ને વિદ્યાર્થીની બહેનો હવે જિલ્લા કક્ષાએ કલા મહોત્સવમાં શાળાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદાર, શાળાના આચાર્યશ્રી કંચનબહેન બારૈયા તેમજ સમગ્ર અજમેરા પરિવારના શિક્ષકગણ તરફથી તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપવામાં આવી હતી


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

# જાબાળ પ્રાથમિક શાળના વિદ્યાર્થી દ્વારા અમરેલી જિલ્લા ખેલ મહાકુંભ માં અન્ડર -9 ગોહિલ દક્ષ 30 મીટર દૌડમાં પ્રથમ નંબરે વિજેતા



અમરેલી જિલ્લા કક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધા જાબાળ પ્રા.શાળા ના વિદ્યાર્થી દ્વારા અન્ડર -9 ગોહિલ દક્ષ રાહુલભાઈ 30 મી.દૌડ મા જિલ્લા મા પ્રથમ નંબરે વિજેતા હવે જિલ્લા કક્ષાએથી ઝોન કક્ષા ( રાજય કક્ષા ) રમવા માટે જશે ઉપરોક્ત વિદ્યાર્થીને સફળ થવા બદલ શાળા પરિવાર તરફથી શુભકામનાઓ અને અભિનંદન આપવામાં આવ્યા અને આવી રીતે આગળ વધો તેવી શુભેચ્છા પાઠવવામાં આવી



પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ

પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કાણકિયા કોલેજમાં ગ્રાહક સુરક્ષા પર સેમિનાર યોજાયો

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળ ભાવનગર તેમજ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સહયોગથી કોમર્સ તેમ જ આર્ટસના વિદ્યાર્થીઓ માટે ગ્રાહક સુરક્ષા પર એક ખૂબ જ રસપ્રદ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના સેક્રેટરી શ્રી મયંકભાઈ ગોસાઈ, શ્રી બીપીનભાઈ બેલાણી, લાયન્સ ક્લબ સાવરકુંડલાના સભ્ય શ્રી કમલભાઈ શેલાર, શ્રી જતીનભાઈ બંજારા, શ્રી તેજસભાઈ પડીયા, શ્રી હર્ષદભાઈ કુંગાસિયા (સાયબર ક્રાઈમ), શ્રી અભિષેક મહેતા આઈટી એક્સપર્ટ, શ્રી ભાવેશભાઈ મોરડીયા (રિલાયન્સ જીઓ), શ્રી આશિષભાઈ જાની (એરટેલ), શ્રી ચિંતનભાઈ સોલંકી (બીએસએનએલ), તેમજ જે.વી. મોદી સ્કૂલ સાવરકુંડલાના નિવૃત્ત શિક્ષક શ્રી અશોકભાઈ અગ્રાવત હાજર રહ્યા હતા. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે મયંકભાઈ ગોસાઈએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ નો કેવી રીતે કાળજીપૂર્વક ઉપયોગ કરવો અને તેમાં કોઈ પણ પ્રકારની છેતરપિંડીનો ભોગ બનીએ તો કેવી રીતે ફરિયાદ કરવી તેમ જ ગ્રાહકોના અધિકારો વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. આઈ. ટી. એક્સપર્ટ શ્રી અભિષેકભાઈ મહેતાએ ઓનલાઈન છેતરપિંડી તેમજ તેનાથી સુરક્ષિત કેવી રીતે રહેવું તે વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં હાજર રહેલા તમામ વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા મંડળ ભાવનગર તરફથી શૈક્ષણિક કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું અને હાજર તમામ વિદ્યાર્થીઓને નાસ્તાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે લાયન્સ ક્લબ સાવરકુંડલાના શ્રી કમલભાઈ શેલારે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજના શ્રી જીગ્નેશભાઈ મહેતાએ ટેકનિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન પ્રો. ડો. કલ્પેશ રાડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.








નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક
સગાઈ કેક
મેક અપ કીટ કેક
ફોટો કેક
ફોન્ડન્ટ કેક
બેબીશાવર કેક

## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનં નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## દેવાંશ મહેતા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## મહંમદ ઝૈફ ઘાનાણી

HAPPY BIRTHDAY

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## आत्मा

"आत्मसाक्षात्कार के बाद शिष्य की आत्मा का गुरु की आत्मा से एक संमन्ध स्थापित हो जाता है।

बाबास्वामी
1/12/2025

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/12/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




પતિ: મને મનગમતું ભોજન કરી દે
અનુષ્કાએ કરી દીધું વિરાટ કોહલીએ સદી
મારી એટલે હું કઈ ક્રિકેટર નથી અમસ્તું કરી દો
પત્ની :તો તમે પોતું મારો એમનેમ ના બને.

---

હું કંઈક છું એવું બધું પછી કેજો પેલા
બીએલઓ નું ફોર્મ ભરી લેજો હો ભાઈ કેમ
કે એમાં તમે ખાલી એક મતદાર જ છો. અને
જીવિત છો એનો પુરાવો આપવો જરૂરી છે.

---

બીજા દેશના વડાપ્રધાન આપણા દેશમાં
આવે છે આપણે શું કરવું જોઈએ?
ચિન્ટુ: ભાઈ એમને કહી દેજો હું ત્યારે ફ્રી નથી.

તારીખ : 01/12/2025
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 1 ડિસેમ્બર
# મહત્વની ઘટનાઓ

૧૮૨૪ – યુનાઈટેડ સ્ટેટ્સ પ્રમુખપદની ચૂંટણી: ચૂંટણીમાં કોઈ પણ ઉમેદવારને ઈલેક્ટોરલ કોલેજ (નિર્વાચન મંડળ)ના કુલ મતોની બહુમતી ન મળતાં યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (અમેરિકી પ્રતિનિધિ સભાગૃહ)ને અમેરિકાના બંધારણના બારમા સુધારા અનુસાર વિજેતા નક્કી કરવાનું કામ સોંપવામાં આવ્યું.

૧૯૧૯ – લેડી એસ્ટોર યુનાઈટેડ કિંગડમના હાઉસ ઓફ કોમન્સમાં બેઠક સંભાળનાર પ્રથમ મહિલા સંસદ સભ્ય બન્યા.

૧૯૫૨ – 'ન્યૂયોર્ક ડેઈલી ન્યુઝ'માં લિંગ પરિવર્તન શલ્યક્રિયાનો પહેલો ઉલ્લેખનીય કિસ્સો પ્રકાશિત થયો.

૧૯૮૮ – સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા વિશ્વભરમાં વિશ્વ એઈડ્સ દિવસની ઘોષણા કરવામાં આવી.

૧૯૯૧ – શીત યુદ્ધ: યુક્રેનના મતદારોએ સોવિયેત યુનિયનથી સ્વતંત્રતા માટે જનમત સંગ્રહને મંજૂરી આપી.

### જન્મ

૧૮૮૫ – કાકાસાહેબ કાલેલકર, ગુજરાતી સાહિત્યકાર, નિબંધકાર અને પ્રવાસલેખક (અ. ૧૯૮૧)

૧૯૫૦ – મંજુ બંસલ, ભારતીય જીવવિજ્ઞાની અને શિક્ષણવિદ્

૧૯૬૦ – શિરીન એમ. રાય, ભારતીય મૂળના રાજકીય વૈજ્ઞાનિક અને શિક્ષણવિદ્

૧૯૬૩ – અર્જુન રણતુંગા, શ્રીલંકન ક્રિકેટર અને રાજકારણી

૧૯૮૦ – મોહમ્મદ કૈફ, ભારતીય ક્રિકેટર

૧૯૯૨ – ભાવના કંઠ, ભારતની પ્રથમ મહિલા ફાઈટર પાઈલટો પૈકીની એક

### અવસાન

૧૮૯૧ – ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, ભાવનગર રજવાડાના મુખ્ય કારભારી (જ. ૧૮૦૫)

૧૯૪૭ – ગોડફ્રી હેરોલ્ડ હાર્ડી, બ્રિટિશ ગણિતજ્ઞ (જ. ૧૮૭૭)

૧૯૭૪ – સુચેતા કૃપલાની, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી, ભારતના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન (જ. ૧૯૦૮)

૧૯૭૯ – કિશનસિંહ ચાવડા, ગુજરાતી લેખક અને પત્રકાર (જ. ૧૯૦૪)

૧૯૮૫ – દાદા ધર્માધિકારી, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સામાજિક સુધારણાની ચળવળના નેતા (જ. ૧૮૯૯)

### તહેવારો અને ઉજવણીઓ

વિશ્વ એઈડ્સ દિવસ

તારીખ : 01/12/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 01/12/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે

# ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/12/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973